**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૬૮ ટકા

# શહેરમાં સંવિધાન દિવસની ઉત્સાહપૂર્ણ ઉજવણી

## કલેક્ટર કચેરીએ શપથગ્રહણ યોજાયું : શહેર ભાજપ દ્વારા સંવિધાન રેલી યોજવામાં આવી

ગાંધીનગર, તા. ૨૬
ગાંધીનગરમાં આજે ભારતીય બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીના સંદર્ભે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે વહીવટીતંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં ગાંધીનગર જિલ્લાના નિવાસી અધિક કલેક્ટર એચ.એમ. જાડેજાની ઉપસ્થિતિમાં કચેરીના નાયબ કલેકટર્સ, મામલતદારો, નાયબ મામલતદારો તથા કલેક્ટર કચેરીના અન્ય કર્મયોગીઓએ ઉપસ્થિત રહી આ દેશના સંવિધાનનું પાલન કરવાના શપથ લીધા હતા.

આ ઉપરાંત આજે શહેર ભાજપ એકમ દ્વારા પણ સંવિધાન દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સંવિધાન દિવસ નિમિત્તે સંસદના બંને ગૃહોને સંયુક્ત સંબોધન કરવામાં આવ્યુ હતુ જેનું સમગ્ર દેશમાં જીવંત પ્રસારણ કરાયુ હતુ. શહેર ભાજપ એકમ દ્વારા સંવિધાન દિવસની ઉજવણીના ભાગરૂપે સેક્ટર-૨૪માં સ્વામી વિવેકાનંદ સ્કૂલ ખાતે વડાપ્રધાનના વક્તવ્યનું જીવંત પ્રસારણ નિહાળવાનું આયોજન કરાયુ હતુ.

જેમાં શહેરના ભાજપ અગ્રણીઓ જેવા કે ભીખુભાઈ દલસાણીયા, મહેશભાઈ કસવાલા, મંત્રી ગણપત વસાવા, પૂનમભાઈ મકવાણા સહિત ભાજપ મહાનગર એકમના અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને સેક્ટર-૨૪માં રેલી સ્વરૂપે પણ ફર્યા હતા. આ રેલીમાં ડૉ. બાબાસાહેબ અમર રહો, બાબાસાહેબ જીંદાબાદ જેવા સુત્રો પણ પોકારવામાં આવ્યા હતા.





૭૦માં બંધારણીય દિવસ નિમિત્તે ગુજરાત વિધાનસભાને રોશનીથી શણગારવામાં આવી છે



# ગોલ્ડરત્ન ફ્લેટમાં ૧.૯૮ લાખની ચોરી

## પરિવાર પાર્ટી પ્લોટમાં દિકરીના લગ્નની ઉજવણીમાં વ્યસ્ત હતો તે દરમિયાન ચોર ઈસમોએ ઘરમાં ચોરી કરી

પાર્ટીપ્લોટમાં લગ્નની ઉજવણીમાં પરિવાર મગ્ન હતો. દિકરીના લગ્નની શરણાઈઓ વાગી રહી હતી તેવા સમયે ચોર ઈસમે ઘરના મુખ્ય દરવાજાનુ તાળુ તોડી અંદર પ્રવેશી લોખંડની તેમજ લાકડાની તિજોરીમાં રાખેલો સામાન અસ્તવ્યસ્ત કરી દઈને સોના-ચાંદીના દાગીના રોકડ રકમ સહિત કુલ રૂ. ૧,૯૮,૦૦૦ના મત્તાની ચોરી કરી ચોર ઈસમો ફરાર થઈ ગયા હતા. જ્યારે જતા જતા ચોર શખ્સોએ બાજુના મકાનનુ પણ તાળુ તોડ્યુ હતુ. જો કે તે મકાનમાં ચોરી થવા પામી નથી. બનાવ અંગે પેથાપુર પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જો કે ચોરીની ઘટના સામે આવતા પરિવારજનો સહિત મહેમાનોમાં પણ દુઃખની લાગણી ફેલાઈ હતી.

ગાંધીનગર શહેરને અડીને આવેલા કોલવડા ગામ તરફ જવાના માર્ગ પર આવેલા ગોલ્ડરત્ન ફ્લેટ્સ ખાતે એફ-૨૦૧માં ઉમેશચંદ્ર રામસજીવન તિવારી પોતાના પરિવાર સાથે રહે છે. ઉમેશચંદ્ર તિવારીના પરિવારમાં દિકરી લલીતા (ઉં.વ.૨૫) દિકરો પવન (ઉં.વ. ૨૪) તેમજ દિકરો વિશાલ (ઉં.વ.૨૩) અને તેમના પત્ની સાથે રહે છે. ઉમેશચંદ્ર છેલ્લા ૧ વર્ષથી ગોલ્ડરત્ન ફ્લેટ્સ ખાતે રહે છે. અને નંદાસણ ગણેશપુરા પાસે આવેલી સ્વસ્તિક ટાઈલ્સમાં નોકરી કરે છે. ત્યારે ઉમેશચંદ્રની મોટી દિકરી લલીતાના લગ્ન હોવાથી શુકન પાર્ટી પ્લોટ ખાતે મહેમાનના ઉતારા તેમજ ધાર્મિક વિધિ રાખી હતી. ત્યારે મકાનનો દરવાજો ઉમેશભાઈના પત્ની બંધ કરીને આવ્યા હતા. ત્યારબાદ રાત્રીના બે વાર તેઓનો દિકરો પણ ચીજવસ્તુ લેવા માટે ઘરે ગયો હતો. જ્યારે સવારે ૫ વાગે ઉઠીને ઉમેશચંદ્રના પત્ની અને દિકરો ઘરે ગયા હતા. ત્યાં જઈને જોયુ તો ઘરનો મુખ્ય દરવાજાનું તાળુ તુટેલુ હતુ અને ઘરમાં રહેલી લોખંડની અને લાકડાની તિજોરીમાં રહેલો સામાન વેર-વિખેર હાલતમાં પડ્યો હતો. જેથી દિકરાએ તાત્કાલિક તેના પિતાને જાણ કરી હતી. તેઓએ ઘરમાં આવીને તપાસ કરતા ઘરમાંથી એક સોનાનુ મંગળસુત્ર આશરે દોઢ તોલાના કિ. રૂ. ૪૫,૦૦૦, કાનના સોનાના ઝુમકા નંગ-૨ આશરે એક તોલાના કિ. રૂ. ૩૦,૦૦૦, સોનાની વીંટી નંગ-૩ કિ. રૂ. ૮,૦૦૦, સોનાની નાકની નથણી કિ. રૂ. ૩,૦૦૦, એક ચાંદીનો કંદોરો અને ઝાંઝરી કિ. રૂ. ૧૫,૦૦૦, સોનાની ચેઈન કિ. રૂ. ૨૦,૦૦૦ અને રોકડ રકમ રૂ. ૭૦,૦૦૦ મળી કુલ રૂ. ૧,૯૮,૦૦૦ની મત્તાની ચોરી કરી ચોર ઈસમો ફરાર થઈ ગયા છે. તો બીજી તરફ સગા-સ્નેહીઓમાં ચોરીની જાણ થતા સમગ્ર પરિવારજનોમાં દુઃખની લાગણી છવાઈ હતી. જ્યારે ચોર ઈસમોએ એ-૨૦૪ મકાનનું પણ તાળુ તોડ્યુ હોવાનું જાણવા મળ્યુ છે. બનાવ અંગે પેથાપુર પોલીસમથકે ફરિયાદ આપતા પોલીસે સીસીટીવી ફુટેજ ચેક કરી વધુ તપાસ હાથ ધરી છે.



# મુખ્યમાર્ગો પર જાહેર શૌચાલયો બાંધવા માંગ

ગાંધીનગર, તા. ૨૬
પાટનગરને સ્વચ્છ અને સ્વસ્થ બનાવવા માટે સરકાર દ્વારા અનેક જાગૃતિ કાર્યક્રમો યોજી અનેક સ્વચ્છતા અંગેની યોજના બહાર પાડવામાં આવે છે. શહેરમાં પાણી, ગટર, રોડ, રસ્તા, મકાન દરેકની વ્યવસ્થાનું ધ્યાન તંત્ર દ્વારા રખાય છે.

પરંતુ જે શહેરમાં સરકારી ઓફિસ છે શહેરમાં દરરોજ કામકાજે મુલાકાતીઓની અવરજવર રહે છે તે તેમના માટે ક્યાંય શૌચક્રિયા માટેના જાહેર શૌચાલયો ન હોવાથી મુલાકાતીઓને તકલીફ પડે છે. શહેરના જાગૃત નાગરિક પરિષદ દ્વારા મુખ્ય માર્ગો પર શૌચાલયનું આયોજન થાય તેવી રજૂઆત કરવામાં આવી છે.

શહેરમાં સફાઈ સાથે જાહેરમાર્ગો પર જનતા માટે જાહેર શૌચાલય બંધાય તેવી માંગ ઉઠવા પામી છે. જાહેર શૌચાલયો ન હોવાથી શહેરની મુલાકાતે આવતા મુલાકાતીઓ તથા જનતાને મુશ્કેલી પડી રહી છે. જાહેર શૌચાલયો શહેરમાં દરેક મુખ્ય માર્ગો પર ન હોવાથી ખુલ્લી જગ્યામાં ગમે ત્યાં શૌચક્રિયા કરવામાં આવી રહી છે જે પર્યાવરણ તો બગાડે છે સાથે રસ્તા પરથી પસાર થતી બહેનો-દિકરીઓ ક્ષોભજનક સ્થિતિમાં મુકાય છે. જાગૃત નાગરિક પરિષદ દ્વારા આ બાબતને ધ્યાનમાં લઈ શહેરમાં મુખ્ય માર્ગો પર જાહેર શૌચાલયનું તબક્કાવાર આયોજન થાય તેવી માંગ ઉઠવા પામી છે.



રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય ગાંધીનગર દ્વારા ચાલતા ફરતા પુસ્તકાલય દ્વારા તા. ૧૪ નવેમ્બરથી ૨૦ નવેમ્બર દરમિયાન રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી તથા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જયંતિના ભાગરૂપે ઉજવણી કરવામાં આવી હતી. જે સંદર્ભે સરકારી પ્રાથમિક શાળા, મુબારકપુર, ગાંધીનગર ખાતે ગાંધી સાહિત્ય પ્રદર્શન તથા નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. સ્પર્ધાના વિજેતાઓને ફરતા પુસ્તકાલયના સંચાલક આર.એન. વાઢેર તથા શાળાના શિક્ષકો દ્વારા ઈનામ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

# શનિવારે ડૉ. આંબેડકર હોલ ખાતે કરાઓકે ટ્રેક શૉ આધારિત સંગીત-સંધ્યા

ન્યુ ગાંધીનગરના શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો સંચાલિત "મેરી આવાઝ સુનો" કરાઓકે ક્લબ દ્વારા પ્રિશા આર્ટ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે તા. ૩૦મી નવેમ્બર સનિવારે રાત્રે ૯ કલાકે સેક્ટર-૧૨ના ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે સંગીત સંધ્યા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમમાં ગાંધીનગર તેમજ અમદાવાદના ગીત ગાવાના શોખીન કલાકારોને કરાઓકે ટ્રેક શૉ દ્વારા પોતાના આવાઝમાં ગીતોની રજૂઆત કરવા માટે સ્ટેજ પ્લેટફોર્મ પુરૂ પાડવામાં આવશે.

સંગીત સંધ્યા કાર્યક્રમમાં સંગીત રસિકોને નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે જેનો શહેરના તમામ સંગીત રસિકોએ લાભ લેવા આયોજકો દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે. કાર્યક્રમ અંગે વધુ વિગત માટે શ્રવણ પરમારનો મો. નં. ૯૪૨૭૩૧૮૦૭૩ અથવા સ્ટુડિયોના મો. નં. ૮૮૪૯૪ ૫૪૪૦૫ પર સંપર્ક સાધવા સંસ્થાની યાદીમાં જણાવ્યું છે.

# જૈન સોશ્યલ ગ્રૃપ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



જૈન સોશ્યલ ગ્રૃપ દ્વારા તા. ૨૪ નવેમ્બરના રોજ સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૨૫૦ થી પણ વધુ સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

જૈન સોશ્યલ ગ્રૃપ દ્વારા યોજાનાર સ્નેહમિલન કાર્યક્રમમાં સભ્યો દ્વારા મ્યુઝીક સાથે વિવિધ રમતો રમવામાં આવી હતી. રમતમાં જીતનાર દરેકને ગ્રૃપ તરફથી ઈનામ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ મધુસુદન વોરા દ્વારા ચાલુ વર્ષે કરવામાં આવેલ ૩૦ કરતા પણ વધુ સેવાકિય પ્રવૃત્તિઓનો અને આગામી કાર્યક્રમોની માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં તાજેતરમાં દુબઈ પ્રવાસ પૂર્ણ કરીને આવેલ સભ્યોએ પોતાનો સંતોષ વ્યક્ત કરતો પ્રતિભાવ આપ્યો હતો. આ કાર્યક્રમમાં મહેસાણા ખાતે યોજાયેલ ઈન્ડોર સ્પોર્ટસ કાર્નીવલમાં ગ્રૃપના સભ્યો ચાંદમલ કાંસવાનુ સ્વીમીંગ સ્પર્ધામાં, દિનેશભાઈ પંચમીયાનુ ચેસ સ્પર્ધા અને વિનિત પારસભાઈ સંઘવીએ ગાયક સ્પર્ધામાં ક્રમ મેળવેલ હોવાથી સ્થાન સંસ્થા દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યુ હતુ. તથા ગેમ શોનું આયોજન કરવા માટે ભાવીનાબેન તથા મનવેશભાઈનું પણ વિશિષ્ટ સન્માન સંસ્થા દ્વારા કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ મધુસુદન વોરા, ઉપપ્રમુખ કૌશિકભાઈ શાહ, સેક્રેટરી ભરતભાઈ કોટડીયા, કારોબારી સભ્યોનો સંપૂર્ણ ફાળો રહ્યો હતો.

# સે. ૩૦ જાગૃતિપાર્ક ખાતે ઘર પાસેથી ચંદનના વૃક્ષની ચોરી

ગાંધીનગર, તા. ૨૬
શહેરના સેક્ટર-૩૦ સ્થિત જાગૃતિપાર્કના મકાનમાં ઉગાડેલા ચંદનના વૃક્ષની ચોરી કરી ચંદન ચોર ફરાર થઈ ગયા છે. જો કે ચંદન ચોરીની આ ઘટના દોઢ માસ અગાઉની છે. મકાન માલિક વિદેશ રહેતા હોવાથી ઘર બંધ રહેતુ હોવાથી ચંદનચોર વૃક્ષ કાપી લઈ ગયા હતા. જ્યારે આ મકાનની તારની વાડમાં તોડ-ફોડ કરતા મકાનમાલિકના મિત્રએ પોલીસમથકે ફરીયાદ નોંધાવી છે.

સે. ૨૧ પોલીસમથકે નોંધાવેલી ફરિયાદ મુજબ ભાર્ગવ પરાગભાઈ દેવાણીના મિત્ર (ઉં.વ. ૩૫) સેક્ટર-૩૦ પ્લોટ નં. ૭૨૮/એ જાગૃતિપાર્ક સોસાયટી ખાતે સુરેસભાઈ મનુભાઈ પટેલ વસવાટ કરે છે. સુરેશભાઈ પરિવાર સાથે છેલ્લા દોઢ માસથી વિદેશમાં છે અને ડિસેમ્બર માસમાં પરત ગાંધીનગર ખાતે આવવાના છે. ફરિયાદી પોતાના મિત્રની ઘરની દેખરેખ રાખે છે અને અઠવાડીયા એકાદવાર ટાઈમ મળે ત્યારે આંટો મારે છે. દોઢ મહિના પહેલા તેઓ સાંજના સુમારે સે. ૩૦ ખાતે ગયા હતા ત્યારે ઘર પાસેના બગીચામાં વાવેતર કરેલુ ચંદનનું ઝાડ કોઈ કાપીને લઈ ગયુ હતુ. અંદાજીત ૧૫ થી ૨૦ કિલો વજન ધરાવતુ દસ ફૂટનું થડ કાપીને લઈ ગયા હતા. ફરિયાદીએ મિત્રને આ અંગે જાણ કરી હતી. પરંતુ સુરેશભાઈ ડિસેમ્બર માસમાં આવવાના હોવાથી ફરિયાદની ના પાડી હતી. પરંતુ ફરીવાર કોઈએ તાજેતરમાં ફેન્સીંગની વાડ તોડી હતી. પરંતુ કોઈ ચીજવસ્તુની ચોરી થવા પામી નથી. ફરિયાદીએ મિત્રના કહેવાથી સે. ૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોરીસે રૂ. ૧૦ હજારના ચંદનના ઝાડની ચોરીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી રાષ્ટ્રીય પરિસંવાદમાં ૨૬૮ શોધપત્રો પ્રસ્તુત થયાં



ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ અને રાષ્ટ્રીય બાળ અધિકાર અને સંરક્ષણ આયોગના સંયુક્ત ઉપક્રમે તા. ૨૨ અને ૨૩ નવેમ્બર ૨૦૧૯ના રોજ 'પૂર્વ પ્રારંભિક બાળ સંભાળ અને વિકાસ' વિષય પર રાષ્ટ્રીય પરિસંદનું આયોજન ગુજરાત ફોરેન્સિક સાયન્સેસ યુનિવર્સિટીમાં કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય પરિસંવાદના પ્રથમ દિવસે યુનિવર્સિટીના કાર્યકારી કુલસચિવ ડૉ. અશોકભાઈ પ્રજાપતિએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતુ. યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના અધ્યાપક અને પરિસંપાદના સંયોજક ડૉ. જિજ્ઞેશભાઈ પટેલે પરિસંવાદની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. કુલપતિ હર્ષદભાઈ શાહે યુનિવર્સિટીની અનન્ય સંકલ્પના, કાર્યો અને કાર્યક્ષેત્રની વિસ્તૃત સમજ સભામાં ઉપસ્થિત વિદ્વાનોને આપી હતી. ઉપસ્થિત મહેમાનોને યુનિવર્સિટીના કાર્યથી પરિચિત કરાવવા માટે ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી હતી. કુલપતિ અને મંચાસીન તમામ મહાનુભાવો દ્વારા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી પ્રકાશિત ત્રણ પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યુ હતુ. તપોવન અને શિશુ પરામર્શન કેન્દ્રના લાભાર્થીઓએ પોતાના અનુભવોથી બધાને અવગત કરાવ્યા હતા. બીજ વક્તા પ્રો. ચંદ્રભૂષણ શર્મા કે જેઓ રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષા સંસ્થાનના અધ્યક્ષ છે તેમણે શિક્ષણમાં સંશોધન અને સંસ્કાર સિંચનનું મહત્વ જણાવ્યુ અને સમૃદ્ધ શિક્ષણ નીતિની જરૂરિયાત અને તેની અમલીકરણની રીતો વિશે વ્યાખ્યાન આપ્યુ હતુ. વિદ્યાભારતી અખિલ ભારતીય શિક્ષણા સંસ્થાનના રાષ્ટ્રીય સચિવ અવનીશ ભટનાગરે આહાર-વ્યાયામ-વિશ્રામ-નિયમિતતા-સ્વચ્છતા અને પ્રાણશક્તિના વિકાસની જરૂરિયાત સમજાવી હતી. તેમણે બાળકોના શિક્ષણ અને શીખવવા માટે યોગ્ય વાતાવરણ આપવાની વાત પણ કરી હતી. શિક્ષણ વિભાગના કાર્યકારી નિયામક ડૉ. મીનળબા જાડેજાએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

પરિસંવાદના દ્વિતીય સત્રમાં ડૉ. રમેશચંદ્ર કોઠારીએ 'ભાર વિનાના ભણતર'ની વર્તમાન સ્થિતિ રજૂ કરી હતી. ડૉ. સચ્ચિદાનંદ જોશીએ પરિવારની સંકલ્પના, પરિવારનું મહત્વ અને બાળકના વિકાસમાં પરિવારની ભૂમિકા સ્પષ્ટ કરી હતી.

પરિસંવાદના તૃતીય સત્રમાં તકનીકી સત્રનું આયોજન કરવામા આવ્યુંહતું. જેમાં પાંચ સમાંતર વર્ગોમાં ૭૮ શોધપત્રો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. પરિસંવાદના બીજા દિવસે એટલે કે ૨૩ નવેમ્બરના રોજ બે તકનીકી સત્રોનું આયોજન કરવામાં આવ્યુંહતું. જેમાં પાંચ સમાંતર વર્ગોમાં ૧૯૦ શોધપત્રો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. આમ કુલ ૨૬૮ શોધપત્રો રજૂ કરવામાં આવ્યા હતા. આ દિવસના બૌદ્ધિક સત્રમાં અતુલ કોઠારી અધ્યક્ષ, શિક્ષા સંસ્કૃત ઉત્થાન ન્યાસ, પ્રિયંક કાનૂનગો અધ્યક્ષ, રાષ્ટ્રી બાળ અધિકાર અને સંરક્ષણ આયોગ અને ડૉ. કલ્યાણ રાજુએ ઉત્તમ વક્તવ્યો આપ્યા હતા. સમાપન સત્રમાં કુલપતિ હર્ષદભાઈ શાહે મહેમાનોને સંબોધિત કર્યા બાદ પરિસંવાદના ત્રણ પ્રતિભાગિયોએ પરિસંવાદ વિશે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. આ સત્રમાં દિલીપ બેતકેકર અને હાસ્ય કલાકાર ડૉ. જગદીશભાઈ જોશીએ સભાને સંબોધિત કરી હતી.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**મરજાવા**
૧૧.૪૫, ૫.૧૫, ૧૦.૪૫
**પાગલપંતી**
૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૦૦, ૩.૦૫, ૪.૦૫, ૬.૧૦, ૭.૧૦, ૯.૧૫, ૧૦.૧૫
**બાલા**
૧૦.૩૦, ૨.૩૦, ૮.૦૦
**હાઉસફૂલ-૪**
૯.૪૫
**હેલ્લારો (ગુજરાતી)**
૯.૧૦, ૧.૨૦, ૭.૨૫, ૧૦.૦૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**મરજાવા**
૯.૪૫, ૧.૪૫, ૩.૩૦, ૭.૨૫, ૧૦.૩૫
**બાલા**
૧૧.૦૦, ૪.૩૫, ૧૦.૧૫
**હાઉસફૂલ-૪**
૧૨.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૫.૧૦, ૭.૪૫, ૧૦.૨૦

**સિટી પલ્સ, કુડાસણ**

**મરજાવા**
૧૨.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
**હાઉસફુલ-૪**
૩.૪૫, ૯.૩૦
**બાલા**
૯.૪૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૪.૦૦, ૭.૦૦, ૯.૩૦

# સમસ્ત બ્રહ્મસમાજ અમદાવાદ પશ્ચિમ દ્વારા જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૨૬
સમસ્ત બ્રહ્મસમાજ અમદાવાદ શહેર પશ્ચિમ દ્વારા તા. ૨૨ ડિસેમ્બરના રોજ સવારે ૯.૩૦ વાગ્યે અમદાવાદ સ્થિત પંડિત દિનદયાલ ઉપાધ્યાય ઓડિટોરિયમમાં યોજાશે. સમસ્ત કારોબારી દ્વારા આ જીવનસાથી પસંદગી મેળામાં બ્રાહ્મણ યુવાન-યુવતીઓને હાઈટેક ધોરણે સુવિધા પુરી પાડવા વ્યવસ્થા કરવામાં આવી છે. સંસ્થા દ્વારા એડવોકેટ અશ્વિનભાઈ ત્રિવેદીનો સે. ૧૧, ૨૦૬, સુમનટાવર ખાતે સવારે ૯ થી ૧૧ અને સાંજે ૫ થી ૭ દરમિયાન ફોર્મ મેળવી લેવા જણાવાયુ છે. અને વધુ માહિતી માટે કેતનભાઈ ઉપાધ્યાય ૯૩૭૬૧૩૧૬૦૩ અને રેખાબેન પંડ્યા ૧૦૦૫/૧ હરિકૃપા સોસાયટી સે. ૨-ડીનો સંપર્ક કરવા જણાવાયુ છે.

# ગાંધીનગરથી અંબાસણ ગામે પદયાત્રા યોજાશે

ગાંધીનગર, તા. ૨૬
સતત ૩૭મા વર્ષે અન્નપૂર્ણા પદયાત્રા સંઘ દ્વારા અન્નપૂર્ણા માતાજીના વ્રત દરમિયાન ગાંધીનગરથી અંબાસણ ગામે તા. ૧૦ ડિસેમ્બરના રોજ પદયાત્રા યોજાશે. આ પદયાત્રા સવારે ૬ વાગ્યે સે. ૨૩ પ્લોટ નં. ૫૬૦/૩ આંગન ફ્લેટ લગ્નવાડી સામે ગાંધીનગર સ્થાનેથી પ્રસ્થાપિત થશે. પદયાત્રામાં જોડાવા ઈચ્છુક પદયાત્રિઓએ સમયસર દિપક જાની ૯૮૯૮૦૩૦૬૫૨, દિનેશભાઈ ત્રિવેદી ૯૮૭૯૧૮૧૧૨૯ નો સંપર્ક કરવા જણાવાયુ છે.

## ચિરવિદાય

- સ્વ. આદિત્ય રજનીકાંત કોઠારી, ઉ.વ. ૬૫
- સ્વ. જાટકીયા દમયંતીબેન જયસુખલાલ, ઉ.વ ૭૭
- સ્વ. ઠાકોર પ્રતાપજી ગાંડાજી, ઉ.વ ૫૦
- સ્વ. ઠાકોર ગજીબેન સોમાજી
- સ્વ. મદ્રાસી વિરમાબેન ગોપાલભાઈ, ઉ.વ. ૬૬
- સ્વ. પાલખડે માલતીબેન કેશવરાય, ઉ.વ. ૭૫
- મોચી સવિતાબેન ચંદુલાલ, ઉ.વ. ૮૫
- મોદી રમેશચંદ્ર અંબાલાલ, ઉ.વ. ૬૯